(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૬)**

૧. નિસીહિયાએ **અણુજાણહ મે મિઉગ્ગહં નિસીહિ** અહોકાયં

૨. ચરિત્તા **તે સવ્વે સિરસા મણસા મત્થએણ** વંદામિ

૩. ફાસાફુસંતુ **એયં પિ ય ણં ચરમેહિં ઉસ્સાસ નિસ્સાસેહિં વોસિરામિ** તિ કટ્ટુ

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. અસમાધિ સ્થાન એટલે શું?

**જ. જેનાથી ચિત્તની અસ્થિરતા થાય, આત્મા મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય તેને અસમાધિ સ્થાન કહે છે.**

૨. સંમૂર્ચ્છિમ મનુષ્ય કેટલી પર્યાપ્તિ બાંધવાની ચાલુ કરે છે?

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્ય પ્રથમ પાંચ પર્યાપ્તિ બાંધવાની એકસાથે ચાલુ કરે છે.**

૩. પિંડવિશુદ્ધના નામ લખો.

**જ. પિંડવિશુદ્ધિના નામ – આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર.**

૪. પંચ પરમેષ્ઠિ ભગવાન કેવા છે?

**જ. પંચ પરમેષ્ઠિ ભગવાન પરમ ઉપકારી છે, પરમ હિતકારી છે, પરમ સુખકારી છે.**

૫. ભરત ક્ષેત્રમાં હાલ કોઈ કેવળી બિરાજે છે? શા માટે?

**જ. ના. પાંચમો આરો છે માટે.**

**(ઇ) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય એ સુધારો અને કયા પાઠમાં આવે છે? (૪)**

| | અશુદ્ધ | શુદ્ધ | પાઠ |
|---|---|---|---|
| ૧. પડિગહ | **અશુદ્ધ** | **પડિગ્ગહ** | **બારમા વ્રતમાં** |
| ૨. અત્થાગમે | – | **શુદ્ધ** | **પ્રતિક્રમણના ચોથા પાઠમાં** |
| ૩. અભિયા | **અશુદ્ધ** | **અભિહયા** | **સામાયિકના ત્રીજા પાઠમાં** |
| ૪. મિચ્છાએ | – | **શુદ્ધ** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |

(૭૦)

**પ્ર.૨ (અ) દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો. (૪૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૮)**

૧. જયા જોગે **નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જઈ।**
**તયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઈ** નીરઓ ॥

**અર્થ : જ્યારે આત્મા યોગોનું નિરૂંધન કરીને અકંપ, શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વ કર્મોનો ક્ષય કરી કર્મ રજથી મુક્ત થઈ સિદ્ધ ગતિમાં જાય છે.**

૨. સુહ**સાયગસ્સ સમણસ્સ, સાયાઉલગસ્સ નિગામસાઈસ્સ ।**
**ઉચ્છોલણા પહોયસ્સ, દુલ્લહા સુગઈ** તારિસગસ્સ ॥

**અર્થ : સુખ અને શાતામાં આસક્ત રહેવાવાળા, શાતા અને સુખ માટે આકુળવ્યાકુળ, ઘણું સૂઈ રહેનાર તથા શરીરની વિભૂષા માટે હાથ–પગ આદિ અંગોને ધોનાર સાધુને માટે સુગતિની પ્રાપ્તિ દુર્લભ છે.**

૩. સુઈં **ચ લદ્ધું સદ્ધં ચ, વીરિયં પુણ દુલ્લહં ।**
**બહવે રોયમાણા વિ, નો ય ણં** પડિવજ્જઈ ॥

**અર્થ : મનુષ્ય જન્મ, ધર્મશ્રવણ પ્રાપ્તિ અને ધર્મની શ્રદ્ધા થયા પછી પણ સંયમમાં પરાક્રમ ફોરવવું ઘણું દુર્લભ છે કારણ કે ઘણા જીવો ધર્મરૂચિ થવા છતાં તે પ્રમાણે આચરણ કરી શકતા નથી.**

૪. વિસાલિસેહિં **સીલેહિં, જક્ખા ઉત્તર ઉત્તરા ।**
**મહાસુક્કા વ દિપ્પન્તા, મણંતા** અપુણચ્ચવં ॥

**અર્થ : અનેક પ્રકારના ઉત્તમ વ્રત અનુષ્ઠાનોને આરાધવાથી જીવાત્મા અહીંનું આયુષ્ય પૂરું કરીને એકએક થી અધિક શક્તિવાન વૈમાનિક દેવપર્યાયને પ્રાપ્ત કરે છે. મહા તેજસ્વી ઉજ્જવળ સૂર્ય જેવા દેદીપ્યમાન દેવલોકમાંથી અમે ક્યારેય ચ્યવશું નહિ એમ માને છે.**

૫. મિત્તવં **નાઈવં હોઈ, ઉચ્ચાગોએ ય વણ્ણવં ।**
**અપ્પાયંકે** મહાપન્ને, **અભિજાએ** જસોબલે ॥

**અર્થ : શેષ અંગો બતાવે છે, તે પુણ્યવંત જીવ માનવભવમાં ૨) મિત્રયુક્ત ૩) જ્ઞાતિવંત ૪) ઉચ્ચગોત્રી ૫) સુંદર વર્ણયુક્ત શરીરી ૬) નિરોગી ૭) મહાપ્રજ્ઞાવંત-બુદ્ધિશાળી ૮) વિનયવંત ૯) યશસ્વી અને ૧૦) બળવાન થાય છે.**

૬. સોચ્ચા **જાણઈ કલ્લાણં, સોચ્ચા જાણઈ પાવગં ।**
**ઉભયં પિ જાણઈ સોચ્ચા, જં સેયં તં** સમાયરે ॥

**અર્થ : ધર્મશ્રવણથી જ આત્મા કલ્યાણને જાણે છે, સાંભળીને જ પાપને જાણે છે. આમ બંને માર્ગ સાંભળીને જ જાણે છે. જે આત્માને માટે શ્રેયકારી, હિતકારી હોય તેનું આચરણ કરે.**

**(૨) નીચેના વાક્યો કઈ ગાથાના છે? માત્ર ગાથા લખો. (ભાવાર્થ નહિ) (૧૨)**

૧. કેવી રીતે બોલવું જોઈએ?
**જ. કહં ચરે કહં ચિટ્ઠે, કહં આસે કહં સએ ।**
**કહં ભુંજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ ॥**

૨. ધર્મની આરાધના કરેલ છે.
**જ. ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં ।**
**પુવ્વિં વિશુદ્ધં સદ્ધમ્મે, કેવલં બોહિ બુજ્જિયા ॥**

૩. કર્મરજનો નાશ કરી દે છે.
**જ. માણુસત્તમ્મિ આયાઓ, જો ધમ્મં સોચ્ચા સદ્દહે ।**
**તવસ્સી વીરિયં લદ્ધું, સંવુડે નિદ્ધુણે રયં ॥**

૪. વિશેષરૂપથી જાણી લે છે.
**જ. જયા જીવમજીવે ય, દો વિ એએ વિયાણેઈ ।**
**જ્યા ગઈ બહુવિહં, સવ્વ જીવાણ જાણઈ ॥**

૫. દુર્લભ સાધુપણાને પ્રાપ્ત કરીને.
**જ. ઈચ્ચેયં છજ્જીવણિયં, સમ્મદિટ્ઠી સયા જએ ।**
**દુલ્લહં લહિત્તુ સામણ્ણં, કમ્મુણા ણ વિરાહિજ્જાસિ ॥**

૬. પ્રથમ અંગ કહે છે.
**જ. ખેત્તં વત્થું હિરણ્ણં ચ, પસવો દાસપોરુસં ।**
**ચત્તારી કામખંધાણિ, તત્થ સે ઉવવજ્જઈ ॥**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. વૈમાનિક દેવોમાં કેટલા વર્ષો રહે છે? | **વૈમાનિક દેવોમાં સેંકડો પૂર્વ (અસંખ્ય) વર્ષો રહે છે.** |
| ૨. નરકમાં જીવ શું ભોગવે છે? | **અતિશય દારૂણ વેદના ને અનેક પ્રકારના દુ:ખો ભોગવે છે.** |
| ૩. નિશ્ચયથી સંયમના સ્વરૂપને કોણ જાણે છે? | **જીવ-અજીવ બંનેના સ્વરૂપને જાણવાવાળો સાધક.** |
| ૪. કોણ લોક-અલોકના સ્વરૂપને જાણે છે? | **રાગ-દ્વેષના વિજેતા જિનેશ્વર કેવળજ્ઞાની.** |

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. કાહી | **કરે** | ૨. જહાઠાણં | **યથાસ્થાને** | ૩. જોગે | **યોગોને** |
| ૪. હોઈ | **થાય છે** | ૫. કડં | **કરેલ** | ૬. સયા | **સદા** |

**(૪) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. આવે છે **આયચંતિ** ૨. ત્યાગ કરી **હિચ્ચા** ૩. બંનેને **ઉભયં**

**(બ) ૯૮ બોલ અલ્પબહુત્વના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) માત્ર અલ્પબહુત્વ લખો.** **(૧૨)**

૧. ઘમાના નારકી, હેમવયના મનુષ્ય, પિત્તમાં ઉત્પન્ન થતો જીવ, વિજયના દેવ, ખેચરની સ્ત્રી, સુજાએના દેવ.

**જ. સૌથી થોડા હેમવયના મનુષ્ય, તેથી વિજયના દેવ અસંખ્યાતગુણા, તેથી સુજાએના દેવ સંખ્યાતગુણા, તેથી પિત્તમાં ઉત્પન્ન થતા જીવ અસંખ્યાતગુણા, તેથી ઘમાના નારકી અસંખ્યાતગુણા, તેથી ખેચરની સ્ત્રી અસંખ્યાતગુણી.**

૨. ત્રીજી નરકના નારકી, સ્થળચર નપુંસક, પંચેન્દ્રિય પર્યાપ્તા, નક્ષત્રના દેવ, વાણવ્યંતરના દેવ, ધૂમ્રપ્રભાના નારકી

**જ. સૌથી થોડા ધૂમ્રપ્રભાના નારકી, તેથી ત્રીજી નરકના નારકી અસંખ્યાતગુણા, તેથી વાણવ્યંતરના દેવ અસંખ્યાતગુણા, તેથી નક્ષત્રના દેવ સંખ્યાગુણા, તેથી સ્થળચર નપુંસક સંખ્યાતગુણા, તેથી પંચેન્દ્રિય પર્યાપ્તા સંખ્યાતગુણા.**

૩. પંચેન્દ્રિયના પર્યાપ્ત, બાદર તેઉકાય અપર્યાપ્ત, સમુચ્ચય સૂક્ષ્મ જીવ, સૂક્ષ્મ પૃથ્વીકાયના પર્યાપ્તા, બાદર પૃથ્વીકાયના અપર્યાપ્તા, અભવી જીવ.

**જ. સૌથી થોડા પંચેન્દ્રિયના પર્યાપ્ત, તેથી બાદર તેઉકાય અપર્યાપ્ત અસંખ્યાતગુણા, તેથી બાદર પૃથ્વીકાયના અપર્યાપ્તા અસંખ્યાતગુણા, તેથી સૂક્ષ્મ પૃથ્વીકાયના પર્યાપ્તા અસં.ગુણા, તેથી અભવી જીવ અનંતગુણા, તેથી સમુચ્ચય સૂક્ષ્મ જીવ અનંતગુણા.**

૪. સૂક્ષ્મ વનસ્પતિકાય પર્યાપ્ત, સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્ત, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત, અભવી જીવ, સયોગી જીવ, એકેન્દ્રિય જીવ.

**જ. સૌથી થોડા સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત, તેથી અભવી જીવ અનંતગુણા, તેથી સૂક્ષ્મ વનસ્પતિ અપર્યાપ્ત અનંત ગુણા, તેથી સૂક્ષ્મ વનસ્પતિકાય પર્યાપ્ત સંખ્યાતગુણા, તેથી એકેન્દ્રિય જીવ વિશેષાધિક, તેથી સયોગી જીવ વિશેષાધિક.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. ઘનીકૃત લોકની એક શ્રેણી કેવડી છે?

**જ. ઘનીકૃત લોકની એક શ્રેણી એક આકાશપ્રદેશ પહોળી અને ૭ રજ્જુ લાંબી છે.**

૨. મનુષ્ય કરતા મનુષ્યાણી કેટલી વધુ છે?

**જ. મનુષ્ય કરતા મનુષ્યાણી ૨૭ ગુણી અને ૨૭ વધારે છે.**

૩. નિગોદમાં શેની સંખ્યા બતાવી છે?

**જ. નિગોદમાં ઔદારિક શરીરની સંખ્યા બતાવી છે.**

૪. ૫ યોગ લાભે તેવા બોલ ક્યા છે?

**જ. પંચેન્દ્રિય અપર્યાપ્તા, બાદર જીવ અપર્યાપ્તા, એકેન્દ્રિય જીવ.**

૫. અનુત્તર વિમાનના દેવો કેટલા છે?

**જ. સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમાં ભાગના આકાશપ્રદેશોની સંખ્યા જેટલા અનુત્તર વિમાનોના દેવો છે.**

૬. સ્થળચરમાં કોનો સમાવેશ થાય છે?

**જ. સ્થળચરમાં ઉરપરિ સર્પ અને ભુજપરિ સર્પનો સમાવેશ થાય છે.**

૭. ૩ ગુણસ્થાન ક્યાં લાભે?

**જ. પંચેન્દ્રિય અપર્યાપ્તા, બાદર જીવ અપર્યાપ્તા.**

૮. ક્ષેત્ર પલ્યોપમનું કાર્ય શું છે?

**જ. ક્ષેત્ર પલ્યોપમનું કાર્ય જીવોની ગણના કરવાનું છે.**

**(૩) નીચેના બોલનો બાસઠિયો માત્ર સંખ્યામાં લખો. (કોઠો બનાવીને)** **(૧૦)**

**જ.**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. બ્રહ્મલોક | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨. ઉડતું પતંગિયું | ૧ | ૧ | ૨ | ૪ | ૩ |
| ૩. જુગલિયાની સ્ત્રી | ૨ | ૨ | ૧૧ | ૬ | ૪ |
| ૪. ભવનપતિના દેવ | ૩ | ૪ | ૧૧ | ૯ | ૪ |
| ૫. જળચરની સ્ત્રી | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૬. ભવી જીવ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૭. બાદર પૃથ્વીકાય પર્યાપ્તા | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૮. સૂક્ષ્મ જીવ પર્યાપ્તા | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૯. સકષાયી જીવ | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ |
| ૧૦. અંજનાના નારકી | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. રાજાએ પોતાની પુત્રીના વિવાહ કરવા મુનિને વિનંતી કરી ત્યારે મુનિએ શું કહ્યું? (૩)

**જ. રાજન્ ! મારું કોઈ અપમાન થયું નથી. હું તો પરિગ્રહથી રહિત, પાંચ મહાવ્રતધારી જૈન સાધુ છું. અમારે મન તો સમસ્ત સ્ત્રીઓ માતા, બહેન, પુત્રી સમાન છે. આપની પુત્રી સાથે મારે કાંઈ સંબંધ નથી. સ્ત્રી સાથે લગ્ન તો દૂર રહ્યા પણ જ્યાં સ્ત્રી હોય તેવા સ્થાને રાત્રે નિવાસ કરવો પણ અકલ્પનીય છે.**

૨. યક્ષે ખેડૂતનું શું ઉદાહરણ આપ્યું? (૨×૬)

**જ. સારા પાકની આશાએ ખેડૂત ઊંચી ભૂમિમાં બીજ વાવે છે તેવી જ આશાથી નીચી જમીનમાં પણ વાવે છે. કારણ જો સારો વરસાદ થાય તો ઊંચી જમીન પર પાક સારો થાય અને જો વરસાદ ઓછો થાય તો જમીન ઉપર સારી પેદાશ થાય છે.**

૩. ભદ્રાએ શા માટે મુનિની અવહેલના કરવાની ના પાડી?

**જ. ભદ્રાએ મુનિની અવહેલના કરવાની ના પાડી કારણ કે મુનિ ઋષિ, રાજાઓ, મહારાજાઓ અને દેવલોકના ઈન્દ્રો માટે પણ પૂજ્ય છે. કઠીન મહાવ્રતોને ધારનાર, તપ–સંયમમાં ઘોર પરાક્રમ કરનાર, મહાયશસ્વી મહાત્મા છે.**

૪. મુનિ કેવા હતા? બ્રાહ્મણને યજ્ઞનો લાભ કેમ નહિ મળે?

**જ. મુનિ ઈર્યા, એષણા આદિ પાંચ સમિતિઓથી સમાધિસ્થ, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, મન, વચન, કાયાથી સંયમી અને જિતેન્દ્રિય છે. જો મુનિને શુદ્ધ આહાર નહિ આપો તો યજ્ઞનો લાભ નહિ મળે. કારણ દાન વિના લાભ મળતો નથી.**

૫. મુનિનો બાહ્ય દેખાવ કેવો હતો?

**જ. મુનિ અત્યંત બિભત્સ રૂપવાળા, કાળાં કોલસા જેવા, વિકરાળ, ચપટા નાકવાળા હોવાથી ભૂત જેવા દેખાતા હતા. શરીર આખું ધૂળથી ભરાયેલું હતું. તેમના વસ્ત્રો ગંદા હતા જાણે કે ઉકરડા પરથી લાવેલા હોય.**

૬. મુનિને મારનાર છાત્રોની શું દશા થઈ?

**જ. મુનિને મારનાર છાત્રોના માથાં પીઠ તરફ નમી ગયા, હાથ પહોળા થઈ ગયા, તેઓ ચેષ્ટા રહિત કે બેભાન થઈ ગયા, તેઓની આંખ ઉઘાડી જ રહી ગઈ કે આંખ ફાટી ગઈ. તેઓને લોહીની ઉલટી થવા લાગી, એમના મોઢાં ઉપર થઈ ગયા. જીભ અને આંખ બહાર આવી ગઈ.**

૭. સંયમમાં કેવી રીતે વિચરણ કરવું જોઈએ?

**જ. મન અને ઈન્દ્રિયોને વશમાં રાખનાર મહાત્મા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ આ છ પ્રકાર**

ના જીવોની હિંસા કરે નહિ, જૂઠું બોલે નહિ, ચોરી કરે નહિ, પરિગ્રહ, સ્ત્રી, માન, માયાના સ્વરૂપને જાણીને વિવેકથી સંયમમાં વિચરણ કરવું જોઈએ.

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. અમ્ભોનિધૌ **ક્ષુભિત ભીષણ નક્રચક્ર, પાઠીન પીઠ ભયદોલ્વણ વાડવાગ્નૌ ।**
**રંગત્તરંગ શિખર સ્થિત યાનપાત્રા, સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્** વ્રજન્તિ ॥

**અર્થ : જેમાં ક્ષોભિત બનેલા ભયાનક મગરોના સમૂહ તથા પાઠીન અને પીઠ નામના મત્સ્ય ઉછળી રહેલા છે, જેમાં ભયંકર વડવાનલ પ્રગટેલો છે, એવા સમુદ્રના ઉછળી રહેલા મોજાઓ પર જેમના વહાણ ડોલાયમાન થઈ રહેલા છે તેવા મનુષ્યો તમારું સ્મરણ કરવાથી આકસ્મિક ભય છોડીને તે સમુદ્ર પાર પામી જાય છે.**

૨. શ્ચ્યોતન્ **મદાવિલ વિલોલ કપોલ મૂલ, મત્તભ્રમદ ભ્રમરનાદ વિવૃદ્ધ કોપમ્ ।**
**ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તમ્, દષ્ટ્વા ભયં ભવતિનો ભવદાશ્રિતાનામ્ ॥**

**અર્થ : મદ ઝરવાથી મલિન બનેલો તથા ડોલી રહેલો તેમ જ ગંડસ્થલ પર ઉન્મત્ત થઈને ભમી રહેલા ભ્રમરો ના અવાજથી જેનો કોપ વધી રહ્યો છે એવો કોપયમાન બનેલો ઉદ્દંડ ઐરાવત જેવો મોટો હાથી સામે ધસી આવતો જોઈને પણ તમારો આશ્રય લેનારને ભય ઉત્પન્ન થતો નથી.**

૩. **રક્તેક્ષણં સમદ કોકિલ કણ્ઠનીલં, ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતન્તમ્ ।**
**આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક, સ્ત્વન્નામ નાગદમની હૃદિ યસ્ય** પુંસઃ ॥

**અર્થ : હે ભગવાન ! જે પુરુષના હૃદયમાં તમારા નામરૂપી નાગદમની રહેલી છે તે પુરુષ નિર્ભય બનીને લાલ નેત્રવાળા, મદોન્મત કોયલના કંઠ જેવા શ્યામ વર્ણના, અત્યંત ક્રોધાયમાન, ઊંચી ફેણવાળા અને સામે આવી રહેલા સર્પને પોતાના બે પગો વડે ઓળંગી જાય છે.**

૪. આપાદકંઠ **મુરૂશૃઙખલ વેષ્ટિતાંગા, ગાઢં બૃહન્નિગડકોટિ નિઘૃષ્ટ જંઘા ।**
**ત્વન્નામમન્ત્રમનિશં મનુજાઃ સ્મરન્તઃ, સદ્યઃ સ્વયં વિગતબન્ધભયા** ભવન્તિ ॥

**અર્થ : જેમના પગથી માંડીને કંઠ સુધીના અંગો મોટી સાંકળો વડે મજબૂત રીતે બંધાયેલા છે અને જેમની જંઘાઓ મોટી લોખંડની બેડીઓના અગ્રભાગથી અત્યંત ઘસાઈ રહી છે એવા મનુષ્યો જો સતત તમારા નામનું સ્મરણ કરે પોતાની મેળે બંધનના ભયથી શીઘ્ર મુક્ત થાય છે.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. બંધનના ભયથી કોણ મુક્ત થાય છે?

**જ. જે મનુષ્ય સતત તમારા નામનું સ્મરણ કરે તે બંધનના ભયથી મુક્ત થાય છે.**

૨. સમુદ્રમાં શું છે?

**જ. સમુદ્રમાં મગરોના સમૂહ, પાઠીન–પીઠ નામના મત્સ્ય, વડવાનલ અગ્નિ છે.**

૩. સિંહ કોને કેવી રીતે વિભૂષિત કરે છે?

**જ. સિંહ હાથીઓના ગડસ્થલ ભેદીને તેમાંથી પડતા લોહીથી ખરડાયેલા શ્વેત મોતીઓના સમૂહથી પૃથ્વીના કેટલાક ભાગને વિભૂષિત કરે છે.**

**જય – જિનેન્દ્ર**